સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૮૯ / શુમારો : ૫

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કુલ પાના - ૧૨+૨

مِشْکوٰة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ જુમાદીલ અવ્વલ ૧૪૩૨ હી., ૪-૪-૨૦૧૧

## -::: અદબ :::-

**"જ્યાં અદબ હશે ત્યાં બિદઅત નહીં હોય"**, આ અલ્ફાઝની હકીકત જો લોગોના સમઝમાં આવી જાય, તો તેઓ ઝિંદગીના હર રસ્તા અને હર પહેલૂમાં અદબ-ડીસીપ્લીનનું દામન હરગિઝ હાથથી ન છોડે. અદબ અને તહેઝીબથી કૌમની તરક્કીને આંકી શકાય છે, કૌમના ખયાલાત અને ફિકરનો ચિતાર દોરી શકાય છે. થોડા મહીનાથી જમાઅતમાંથી દીની પ્રાઈવેટ ટ્યુશનોની વબા-બીમારી દૂર થઈ છે. જે લોગો આ ટ્યુશનોના સબબ ગૈર-મુકમ્મલ, ગૈર-લાયક, મનફાવતી અપાતી તાઅલીમના મરઝના શિકાર હતા તેઓને હવે એમ એહસાસ થયો છે કે, હમણા તક તેઓના બચ્ચા દીની તાઅલીમના નામ પર જે કઈ પણ શીખતા હતા, તે કેટલી હદ તક જાઈઝ હતું અને કેટલું નાજાઈઝ હતું. તાઅલીમ સાથે રમતબાઝી ઘણી મોટી ખતા છે. મદ્રસએ તૈયેબીયાહના રેગ્યૂલર કલાસીસ સિવાય ખુસૂસૂ વકતમાં એક હફ્તામાં ત્રણ દિન સાંજે જે કલાસીસ શુરૂ કરવામાં આવા છે અને જમાઅતના વાલેદૈને પોતાના બચ્ચાઓને આ કલાસીસમાં દાખલો અપાવીને બચ્ચાને મદ્રસાના સીલેબસના માતહત મુકમ્મલ દીની તાઅલીમ અપાવવાની તદબીર કરીને જે મિસાલ કાઈમ કીધી છે, તે એ વાતનો સુબૂત છે કે, **દીની તાઅલીમમાં પણ અદબ, તહેઝીબ અને સિસ્ટમ હોવી બેહદ ઝરૂરી અને લાઝિમી છે.** ચંદ મહીનાથી મદ્રસામાં અપના અકીદા અને તારીખને લગતા તકરીબન ૧૫ માઅલૂમાતી બોર્ડ લગાવવામાં આવા છે. જેને ઉસ્તાદ સાહબો બચ્ચાઓ પાસે લખાવે છે, યાદ કરાવે છે અને તારીખના લેહાઝથી સમઝાવે છે. બચ્ચાઓ હવે દીની સવાલ-જવાબને, લેસાનુદ્દાઅવતની તહેરીરને અને જનરલ માઅલૂમાતને ખૂબ ઝૌકો શૌકથી લખે છે અને યાદ કરે છે. ઘણા વાલેદૈનને હવે એમ લાગે છે કે, તેઓ પોતાના દીનને લગતી એવી કેટલી ચીઝો નથી જાણતા જેટલું તેમનું બચ્ચું જાણે છે. પહેલા અપની ઝબાન **લેસાનુદ્દાઅવત**ની કોઈ તરહની તહેરીર ન હતી, પણ આજે મદ્રસાથી ફારિગ થયેલું બચ્ચું એક જ ઝટકામાં લેસાનુદ્દાઅવતનો પૂરો દરસ લખી લે છે. આજે વાલેદૈન મદ્રસામાં તાઅલીમ લેનાર પોતાના બચ્ચાની દીની તાઅલીમ પર ફખર મહેસૂસ કરે છે.

અપના બચ્ચાઓ-જવાનો અપના મઝહબને સહી તૌર-તર્ઝ પર સમઝે તે વાસ્તે મન્સૂબાઓ તો ઘણા છે. મદ્રસાને જ માતહત મીસાકવાલા યા મીસાકની ઉંમરને નઝદીક પહોંચેલા બાલિગ દીકરા-દીકરીઓ અને જવાનો વાસ્તે રાતનો એક અલગ જ કલાસ શુરૂ કરવાનો ઈરાદો છે. જે જવાનોને કુરઆન પઢતા નથી આવડતું યા ભૂલી ગયા છે, સૂરતો અને સહીફાની દોઆઓ યાદ નથી, અપના દીનના અકીદાઓ અને તારીખને સમઝવા માંગે છે, તેઓ વાસ્તે એક જુદા કલાસને તરતીબ આપવામાં આવશે. અપના બચ્ચાઓ ઓડીયો-વીડીયો સીડીના ઝરીએ પ્રોજેક્ટર પર વુઝૂ, નમાઝ, જમવાના કાનૂન, ઝિયારતના આદાબ, મસ્જિદના આદાબ, મુલાકાતના આદાબ વગૈરા જાઈ શકે, જાણી શકે તે વાસ્તે સીડી તૈયાર કરવાનો ઈરાદો છે. મદ્રસામાં બચ્ચાઓને લગતી મુખ્તલિફ ઝબાનોમાં **કિતાબોનું મુખ્તસર કલેક્શન એક લાયબ્રેરીની શિક્લમાં** હોય અને તે વાસ્તે એક હફતામાં થોડો વકત બચ્ચાઓને આપવામાં આવે જેના સબબ મદ્રસાના સીલેબસ સિવાય પણ તેઓ બીજી કિતાબો વાંચી શકે. હમણા જે મુજબ માઅલૂમાતી બોર્ડ મદ્રસામાં લાગેલા છે તે મુજબ બીજા બોર્ડ બનાવવામાં આવશે કે જેથી

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**નૈક કામ વાસ્તે ટાલ-મટોલ કરવું શયતાની વસવસાની શુરૂઆત છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* **અદબ.....**

બચ્ચાઓ તેના પર નઝર કરીને ઝરૂરી દીની વાતો ખુદ-બ-ખુદ યાદ રાખી શકે. ઉર્સ યા મોટા અય્યામના મૌકા પર બચ્ચાઓને સાથે બોલાવીને, એક જગા પર જમા કરીને તે મૌકાની એહમીયતને સમઝાવવામાં આવે છે જેના પર હવે ખૂબ તાકીદથી અમલ કરવામાં આવશે.

એક હુશિયાર અને ઝહીન બચ્ચું જે વક્ત કોઈ અદબની ચીઝ ઉસ્તાદ સાહબના ઝરીએ મદ્રસામાંથી શીખીને જાય છે તો તેનો શું નતીજો આવે છે, તેની એક સાચી મિસાલ યહાઁ પૈશ કરવામાં આવે છે. સ્કૂલમાં ટીચરે શું શીખાવું કે શું હોમવર્ક આપું તે આજના વાલેદૈન બચ્ચાને અચુક પૂછે છે પણ મદ્રસામાં ઉસ્તાદ સાહબે શું નવું શીખાવું કે પઢાવું તે વાસ્તે ઘણા કમ મુમેનીન પોતાના બચ્ચાને પૂછવાની તકેદારી રાખે છે. **દીની તાઅલીમ સાથે સૌતન જેમ સુલૂક થાય છે જે વરસોથી એક ગંભીર અને દર્દનાક ઘરેલૂ મરઝ છે.** મુમેનીનને જોઈએ કે, આ મરઝથી બાહર નિકલી દીની તાઅલીમને પ્રેફેરન્સ આપી તેના વાસ્તે હર મુમ્કિન કોશિશ કરવી જોઈએ. દૌલત કમાવવા વાસ્તે ના ઈલ્મને હમેં આખેરત કમાવવા વાસ્તેના ઈલ્મ પર બઢાવો-ફૌકીયત અને એહમીયત આપીએ છીએ. સબબ કે દૌલત દેખાય છે અને આખેરત દેખાતી નથી, યાદ રહે કે કબરમાં આખેરત વાસ્તેના ઈલ્મો અમલનો સવાલ થાશે, દૌલતનો નહીં. જેમ મુમિન હમેશા રહેશે તેમ એનું દીન અને ઈલ્મ પણ હમેશા રહેશે, જે દૌલતે બાકીયાહ છે અને જેમ લાઈલ્મ જાહિલ દુનિયા પરસ્ત ફના થાશે તેમ તેની દૌલત પણ ફના થાશે, જે દૌલતે ફાનીયાહ છે.

વાકેઓ એમ બનો કે, એક ક્લાસમાં ઉસ્તાદ સાહબ બચ્ચાઓને જમવાની અદબો શીખાવતા હતા. બચ્ચાઓને કહેવામાં આવું કે, તમેં જમવા બેસો તો નમક ચાખીને, બિસ્મિલ્લાહ બોલીને, પગ વાલીને અને ટોપી પહેરીને જમવા બેસજો, જે અદબથી અપના રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને અહલેબૈત (અ.સ.) થાલ કરીને જમવા બેસતા હતા. બચ્ચાઓને પૂછવામાં આવું કે, જો આ અદબો મુજબ તમારા ઘરવાલા જમવા ન બેસતા હોય તો તમેં શું કરશો ? તેમાંથી એકે જવાબ આપો કે, **હમેં જમન નહીં જમીએ, જહાઁ તક જમનને અદબથી જમવામાં નહીં આવે !** મદ્રસામાંથી બચ્ચા પોત-પોતાના ઘરે ચાલા ગયા અને જે નસીહત ઉસ્તાદ સાહબે કીધી હતી તે તેઓના ઝહેનમાં બરાબર તાઝા હતી. ઘર પહોંચતાને સાથે જ ફૌરન બચ્ચાઓએ ઘરવાલાને દરમિયાન જમવાના આદાબ કહી સંભલાવા. આદત મુજબ તેમાંથી એક બચ્ચાના ઘરે જે વક્ત જમનનું થાલ મુકવામાં આવું અને બાવાજી થાલમાં ટોપી બગૈર અને પલાઠો મારીને બેસા કે, ફૌરન બચ્ચું પુકારી ઉઠું કે જે તેને મદ્રસામાં જમન જમવા વાસ્તે ઉસ્તાદ સાહબે અદબો શીખાવી હતી. બચ્ચાએ કહ્યું કે, અય બાવાજી ! જ્યાં તક તમેં પગ નહીં વાલો અને ટોપી નહીં પહેરો ત્યાં તક હું જમીશ નહીં. બચ્ચાને પગ વાલીને બેસેલો જોઈ, નૂરાની ચહેરા સાથે નાની ટોપી પહેરેલી જોઈ બાવાજી પોતાની બેઅદબી પર શરમિંદા થઈ ગયા, આઁખોમાં આંસૂ આવી ગયા અને પોતાના બચ્ચાની અદબને લબ્બૈક કહીને ટોપી પહેરીને જમવા બેસા. **આ અદબનો કરિશ્મો છે અને તાઅલીમની અસર છે.** હમેં જાણીએ તો બધું જ છે પણ અમલ કરવામાં કાચા છીએ. આ વાકેઆના નકશે કદમ પર મુમેનીનમા ટોપી-દાઢી અને લિબાસની અદબ અને આદત પણ મુમેનાતે પૈદા કરવી પડશે કે જેથી હમારા બચ્ચાઓને જે તાઅલીમ મદ્રસામાં હમેં આપીએ અને જે અદબ હમેં શીખાવીએ તેને અમલમાં મુકવા વાસ્તે ઘરમાં એવી ફિઝા અને માહૌલ પહેલાથી જ બનેલો હોય. જો વાલેદૈન ખુદ અદબ અને તહેઝીબવાલા હશે તો બચ્ચાને તાઅલીમ હાસિલ કરવામાં ઔર ઝૌકો શૌક પૈદા થાશે. અલ્લાહતઆલા હર મુમિનને અદબના સાંચામાં ઢાલીને હમારી ઈમાની ઝિંદગીને મુનવ્વર અને બાઝીનત બનાવે. ★

**માલ તો તમારા હોવા યા ન હોવા પર તમારા લોગો દરમિયાન તકસીમ થઈ જાશે અને ઈલ્મ તો તમારા હર અમલને મઝબૂત કરે છે અને જન્નત તરફ લઈ જાવાનો સબબ બને છે.**

---

**ઈલ્મનું તલબ કરવું એ માલ તલબ કરવા કરતા ઝિયાદહ વાજિબ છે.**

**ઈમાનનો બહેતરીન હિસ્સો તે છે કે, તમારી નિય્યત સાફ અને પાકી હોય.**

## -::: ગુલ્શને ફિક્હ - અઝાન અને ઈકામત :::-

✳ ઈમામે આલે મોહંમદ (સ.અ.) ફરમાવે છે કે, તહારત-વુઝૂ કીધા બગૈર કોઈ શખ્સ અઝાન દઈ શકે છે, મગર જો અઝાન દેનાર વુઝૂની હાલતમાં હોય તો તે અફઝલ છે. ફરઝ પહેલા ઈકામત તો વુઝૂની હાલતમાં જ દેવી જોઈએ. જો કોઈ મરીઝ હોય યા વાહન-ગાડી પર એ સવાર હોય તો અઝાન ને બેસીને દેવામાં કોઈ હરજ નથી. પણ ઈકામત તો ઝમીન પર ઉભા રહીને જ દેવી જોઈએ. જો અગર બીમારી એ હદ તકની હોય કે, નમાઝ પઢનારમાં ઉભા રહેવાની તાકત ન હોય તો એ બેસીને ઈકામત દઈ નમાઝ પઢી શકે છે.

✳ આપે ફરમાવું કે, કોઈ એક શખ્સ મોઅઝ્ઝિન બની શકે છે યાઅની અઝાન દઈ શકે છે અને કોઈ બીજો તે જ નમાઝમાં ઈકામત કહી શકે છે. એમ નથી કે મોઅઝ્ઝિન જ ઈકામત કહે. બૈરો ઉપર અઝાન અને ઈકામત દેવું વાજિબ નથી. નમાઝ પહેલા અગર શહેર યા મોહલ્લાની અઝાનને બૈરો સાંભલે તો તે એના વાસ્તે કાફી છે. મસ્જિદની અઝાન જો બૈરો ન સાંભલી શકતા હોય તો નમાઝ પઢવા વાસ્તે "અશહદો અન લા ઈલાહા ઈલ્લલ્લાહ" અને "અશહદો અન્ના મોહંમદન રસૂલુલ્લાહ" બોલવું એને કિફાયત કરે છે. ગુલામ કે નાબાલિગ બચ્ચા જે એહતેલામની ઉંમર પર ન પહોંચા હોય એ અઝાન કહી શકે છે.

✳ આપે ફરમાવું કે, કોઈ કૌમ મોઅઝ્ઝિનને અઝાન દેવાના સબબ એને એક મઝદૂર જેમ મઝદૂરી ન ચુકવે, જો કોઈ આ મુજબ પગાર લેશે તો તે હરામની કમાઈ ગિનાશે. મગર મોઅઝ્ઝિન ને મસ્જિદની દેખ-રેખ રાખવા, સાફ-સફાઈ કરવા અને નમાઝીઓ વાસ્તે એહતેમામ કરવા ખાતિર બયતુલ માલ માંથી માહવાર (માસિક પગાર) આપવામાં આવે. આ રકમ એની ખિદમતનો સિલો ગિનાશે, ન કે અઝાન દેવાની મઝદૂરી. આ જ મુજબ કુરઆનની તાઅલીમ આપના ઉસ્તાઝ વાસ્તે હુકમ છે. ઉસ્તાઝ કુરઆનને પઢાવવાનો મુઆવેઝો ન લે પણ તેના સાથે બીજી તાઅલીમ આપવાનો એવઝ હદીયો લઈ શકે છે.

✳ આપે ફરમાવું કે, જે શખ્સ અઝાનની નિદાને સાંભલીને મસ્જિદમાં આવો અને પછી નમાઝ પઢા બગૈર મસ્જિદમાંથી ચાલો ગયો તો એ મુનાફિક છે, લાઅનતી છે. આ તો એના જેવો થયો કે, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પર તો ઈમાન લાવો મગર આપના જાઁનશીન મૌ.અલીને છોડી દીધા. મસ્જિદમાંથી એ શખ્સ જઈ શકે છે, જેને કોઈ ઝરૂરી કામ યાદ આવું હોય અને નમાઝ શુરૂ થાતા પહેલા એનો પાછો મસ્જિદમાં આવવાનો ઈરાદો હોય, યા તો એની વુઝૂ તૂટી ગઈ હોય અને એ તહારત વાસ્તે વુઝૂને દોબારા કરવા વાસ્તે મસ્જિદથી નિકલો હોય. ઈમામતને લાયક તે જ શખ્સ છે કે, જે તમારા માંથી ફકીહ હોય યાઅની દીનના અરકાનને બરાબર જાણતો હોય, હલાલો હરામનું ઈલ્મ રાખતો હોય. અઝાન કહેવાને લાયક તે જ શખ્સ છે કે, જેના આવાઝમાં ઈલ્હાન હોય, ઝોર હોય, ફસાહત હોય, બલંદી હોય અને અઝાનના અલ્ફાઝને બરાબર પઢી શકતો હોય. ★

## -::: ઈમાનના ગુલિસ્તાનમાંથી નસીહતના ફૂલો :::-

અય ઈમાનદારો ! આ દુનિયા ગુઝરગાહ છે. આલમે કુદસ યાઅની આખેરત તરફ પહોંચવા વાસ્તે નૈકીઓનો તોશો-સામાન બાંધી લો. યહાઁથી રૂખસત લો તો અમલથી તમારા દામનને ભરીને જાવ. સચ્ચાઈને કોઈ વકત ન છોડો. સબબ કે અલ્લાહને નઝદીક સચ્ચાઈનો રસ્તો તે દીને ઈસ્લામ છે, તે હક્કનું દીન છે, હિદાયતનું દીન છે. ઈસ્લામની સલ્તનતમાં તમેં ઈમાનના મહેલમાં છો. ગિન્તીમાં થોડા છો પણ કદરો શરફમાં ઘણાં છો. તમેં દુનિયામાં રહો તો બીજા બધા વાસ્તે આરામના સબબ બનીને રહો અને આખેરતની તરફ કૂચ કરો તો તમારા ઈમામના પડોશપણમાં જઈને વસી જાવ. તમારી હક્કાનીયતની નિશાનીઓ આશકાર હોવી જોઈએ. તે શું કે ઈલ્મના હાસિલ કરવાના સાથે તેને કઈ જગા ઈસ્તેમાલ કરવું તેની હોશિયારી રાખો, ઈબાદત કરવાના સાથે નરમી રાખો અને

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**ઈસ્લામની ઈઝ્ઝત તેમાં છે કે, તમારી આઁખ, ઝબાન અને હાથથી બીજા સલામત રહે.**

## -::: અખ્બારે તૈયેબીયાહ :::-

### ❁ જશ્ને મીલાદે તૈયેબી :-

૨૧ માં ઈમામે અત્હર, શાને ફાતેમીના મઝહર મૌલાના અબુલ કાસિમ તૈયેબ (અ.સ.) અને આપના હમનામ, હમઆલ અને હમનૂર દાઈએ પુરનૂર સૈયેદના અબુ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ની મીલાદે મયમૂનના ૪ ર.આખર ના યાદગાર દિન પર **બેવે મૌલાની સાલગિરાહના ખુશ ઇત્તેફાકના** મૌકાની ફરહત હર સાલ તૈયેબી મુમેનીનની જમાઅતમાં રૂનુમા થાય છે. મગર કાબિલે દાદ, કાબિલે તાઅરીફ, કાબિલે ઝિકિર અખ્બાર મીલાદે તૈયેબીના આ સાલ એવા મુબારક છે કે જેની યાદ, મુશાહેદો, ગુફતગૂ, મુઝાહેરો હર વકત મુમેનીન મુખ્લેસીનના દિલો નઝરમાં તાઝા રહેશે. મીલાદે તૈયેબીને મનાવવાનો જોશો ખરોશ ઈમાનદારોમાં એ મુજબ છલકાતો હતો કે, **જાણે હર અલવી મુમિનના ઘરમાં સાલગિરહ હોય.**

આ મીલાદની ખુશીમાં હર કોઈ નૌનિહાલ, જવાનો, ઝઈફો, મુમેનાત શામિલ થાય તે વાસ્તે બે અલગ-અલગ દિન મુમેનીનની જમાઅતને બે હિસ્સામાં તકસીમ કરી બેવે મસ્જિદો, નૂરાની મસ્જિદ અને તૈયેબી મસ્જિદના ઈહાતામાં ઈફતેતાહ, શાદી અને મીલાદના તઆમો ઈકરામનો બંદોબસ્ત કરવામાં આવો હતો. આ પહેલો તજરૂબો હતો જે ઘણો જ કારગર સાબિત થયો અને મુમેનીન-મુમેનાત કસીર તાઅદાદમાં શરીક થઈ આકાએ નામદારની ખુશીમાં શામિલ થયા. મીલાદ મુબારકનો રૂહાની માહૌલ બરકરાર રહે તે વાસ્તે બે દિન બદરી મોહલ્લામાં અને તૈયેબી મસ્જિદને નઝદીક લાઉડ સ્પીકરો પર ઈમામુઝઝમાન (અ.સ.) અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની શાનાત, ફઝાઈલ તેમજ સિફતો સનાના કસીદાઓની ખાસ સીડી મુકવામાં આવી હતી. દાઅવતે હાદીયાહના રૂહાની ફરઝંદો વાસ્તે આ દિન કયા સબબથી આટલી એહમીયત રાખે છે ? તેની તારીખ શું છે ? તેની હકીકત શું છે ? આની તમામ માઅલૂમાત આપતા મોટા હોર્ડિંગો બેવે જગા પર મુકવામાં આવા હતા. ઘણા મુમેનીને મીલાદની ખુશીનો ઈઝહાર કરવા પોતાના મકાનોને રોશનીથી આરાસ્તા કીધા હતા, ગલીએ ગલીએ મુબારકબાદીના બેનરો લગાવા હતા અને હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની મોટી પુરઝિયા તસ્વીરો મુકી હતી. આ તમામ તરહના ઈઝહારે મસર્રતે મુમેનીનમાં જશ્ને મીલાદમાં શરીક થાવા એક નવો જોશ, તાઝગી અને શૌક ભરી દીધો હતો.

મીલાદની ખુશી હોય અને જશ્નો જુલૂસ ન હોય ! તે નામુમ્કિન છે. જુલૂસે મીલાદ હોય અને હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની પુરનૂર સવારી ન હોય ! તે તો બિલકુલ ના મુમ્કિન છે. મુમેનીને માઅલૂમ છે કે, **વરસોથી મીલાદના જશ્નનું મરકઝ સૈ.ઝિયાઉદ્દીન સાહબ (ક.રૂ.) નો બદરી મોહલ્લો રહ્યો છે** જે જગા પર ૩૨૦ સાલથી દેવડી મુબારક વાકેઅ છે. પણ તારીખે તૈયેબીમાં પહેલી વકત એવો મૌકો આવો કે, વડોદરામાં બદરી મોહલ્લા સિવાય કોઈ બીજી જગા પરથી આ જશ્નો જુલૂસ રૂનુમા થયું હોય. તે દિન ૪ ર.આખરનો દિન હતો, ફજરનો ખુશનુમા માહૌલ હતો કે, જે વકત હુઝૂરેઆલી (ત.ઉ.શ.), મુમેનીન દરમિયાન આજવા રોડ પર બહાર કોલોનીમાં પોતાની નવી દેવડી મુબારક **"અલ-મિશ્કાત"** નું ઈફતેતાહે સઈદ ફરમાવી ચુકા હતા, કે આપ પૂરા અલવી દબદબા સાથે, ફાતેમી આબો તાબ સાથે નૂરાની સવારી પર જલ્વાઅફરોઝ થયા. મીલાદ મુબારકના પરચમો સાથે મુબારકબાદીની બલંદ નિદા સાથે, મુમેનીને પોતાના તૈયેબી મૌલાને દિલો જાનથી વધાવી લીધા. જશ્નો જુલૂસની ઈબ્તેદા એવી તો થઈ કે, દૌરાને ગશ્ત જેટલા મુમેનીનના મકાનો આવા, એપાર્ટમેન્ટ આવા, મોહલ્લા આવા તમામે પોતાના આકા મૌલાનો ગરમજોશી અને ફિદાગીરી સાથે ઈસ્તિકબાલ કીધો, શરબત પૈશ કીધું, ગુલદસ્તાઓથી આપની સવારીને મહેકાવી દીધી, મુબારકબાદીની ફિઝા અને લહેર જુલૂસના ઈખ્તેતામ તક જારી રહી. જશ્ને તૈયેબીનો મૌકો એવો તો શાનદાર બનો કે,

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**દુનિયાના આખિરી દૌરમાં બેકારી, બેઈમાની, ગફલત અને હરામખોરી લોગોમાં બેહદ ઝિયાદહ હશે.**

*(પેજ નં. ૪ નું બાકી)* ***અખ્બારે તૈયેબીયાહ.....***

હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના નૂરાની દીદારથી, દોઆથી મુમેનીનની હર ઉમ્મીદ બર આવી, આ ઈલાકામાં જાણે કે નૂરાની બારિશ થઈ હોય તેમ મુમેનીન મસર્રતના સૈલાબમાં તર-બ-તર થઈ ગયા.

આપ મૌલાની ૮૧ મી મીલાદને યાદગાર બનાવવા જશ્ને મીલાદ જે વકત તૈયેબી હોલમાં પૂરૂં થયું, તે વકત મુખ્તલિફ અંજુમનોની તબ્દીરથી ૮૧ કીલોનું એક ખૂબસૂરત આલીશાન કેક બનાવવામાં આવું હતું, જેને આપ મૌલાએ મુમેનીનની પુરજોશ હાઝિરીમાં આપના દસ્તે મુબારકથી કાપું અને તબર્રૂકના તૌર પર હર થાલમાં તેનો એક ટુકડો મુકવામાં આવો. જમાઅતના ચંદ બાહોશ, જોશીલા અને મહેનતકશ જવાનો કે, જેઓએ અલગ-અલગ શોઅબા-ફિલ્ડોમાં કામિયાબી અને કારકિર્દીગી હાસિલ કરી જમાઅતે અલવીયાહનું નામ રોશન કીધું છે, **તેઓની આપ મૌલાએ સેંકડો મુમેનીનની નઝર સામે હોસલા-અફઝાઇ કીધી** અને એક ખુસૂસી સર્ટીફીકેટથી નવાઝા. જેથી બીજા આ જવાનોથી ઈબરત હાસિલ કરી શકે.

આજવા રોડ પર જદીદ દેવડી "અલ-મિશ્કાત" ના ઈફ્તેતાહના મૌકા પર આપ મૌલાએ ફરમાવું કે, "હમણા તક દાઅવતે હાદીયાહમાં મુમેનીનના રૂહાની ઉમૂર બે જગા પર અંજામ અપાતા હતા. એક કદીમમાં કદીમ દેવડી, જે જગા પર મારા ૧૦ દોઆતે કિરામ ઝિંદગી ગુઝારી ગયા છે તે, અને બીજી શહેરના મગરિબી ઈલાકામાં વાસણા રોડ પર ૧૩ સાલથી જે દેવડી "દારૂસ્સલામ" પર હું મુકીમ છું તે, પણ હવે શહેરના આ મશ્રિકી ઈલાકામાં આજવા રોડ પર અલ્લાહતઆલાએ મને આ ત્રીજી દેવડી "અલ-મિશ્કાત" થી નવાઝેલો છે. હું તે મુમેનીનને ખુશખબરી આપું છું કે, **જેઓની રિહાઇશગાહો, મકાનો આ એરીયામાં છે, તેઓ વાસ્તે આ દેવડીના સબબ દાઇયુલ્લાહની મુલાકાત હવે આસાન થાશે.** મારો કિયામ જે વકત યહાં પર હશે તે વકત મુખ્તલિફ ફંકશનો અને મુમેનીનના રૂહાની ઊમૂર ઈન્શાઅલ્લાહ મારી હાઝિરીમાં યહાઁ "અલ-મિશ્કાત" માં થાશે. હવે દાઅવતે હાદીયાહનું મરકઝ યહાઁ કાઈમ થયું છે અને હમારી દેવડી અને હમારી સોહબતના સબબ મુમેનીનના ઘણા મસ્અલા હલ થાશે અને આ મુજબ હિદાયતનો સરચશ્મો જારી થાવાથી મુમેનીનને રૂહાની સુકૂન અને કરારીયત હાસિલ થાશે." ★

## ❈ ઈરાનના કલ્ચરલ કાઉન્સેલર હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની મુલાકાતે પધારા :-

ઈલ્મી, તહેઝીબી, અદબી, અખ્લાકી અને કૌમી તઅલ્લુકાત, દુનિયાના બીજા ગરઝ-મતલબના તઅલ્લુકાત કરતા બાબરકત છે અને બાઇઝઝત હોય છે. માઝૂનુદ્દાઅવત (દા.મ.) ના ઘણાં વરસોથી નવી દિલ્લીના ઈરાન કલ્ચરલ હાઉસના ઓફીસરો સાથે ખુશ-રાબેતો અને કરીબી ઈલ્મી-અદબી તઅલ્લુકાત છે. આપ સાહબનું ઘણી વકત મુખ્તલિફ સેમીનારોમાં દિલ્લી જાવાનું થયું, ત્યાં ઈરાની સાહબો સાથે ઈલ્મી મુલાકાતો થાતી રહી અને આ તમામ પર મોહર તે વકત વાગી કે, આપ સફરૂલ મુઝફ્ફર મહીનામાં મુકાસિરૂદ્દાઅવત (દા.ઝિ.) સાથે ઈરાનની સફર પર પધારા અને ત્યાં બલંદ-પાયા ઈલ્મી ઈદારાઓ ના સાહબો સાથે ખુશ-મુલાકાતો થઈ જેના સબબ **અપની જમાઅતની પહેચાન કાઇમ કરવાની રાહમાં ઔર મંઝિલો તય થાતી ગઇ.** આ ઈલ્મી-તહેઝીબી રિશ્તાને ઔર ઝિયાદહ પાયેદાર બનાવવા હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના મીલાદે અન્વરના ચંદ રોઝ પહેલા ઈરાનના કલ્ચરલ કાઉન્સેલર ડૉ.કે.નજફી આપ મૌલાને મીલાદની મુબારકબાદી પૈશ કરવા અને માઝૂનુદ્દાઅવતને પોતાના દુખ્તરની શાદીની તહેનીયત અદા કરવા નવી દિલ્લીથી દારૂસ્સલામ પર પધારા હતા.

આપ મૌલાના ચહેરએ અન્વરના દીદારનો શરફ લઇ, આપની ગુફતગૂથી ફૈઝ હાસિલ કરી, દારૂસ્સલામની ઈસ્લામી તાઅમીરની શાનનો મુશાહેદો કરી, અપના બોહરાના તરીકાના થાલમાં અલ્લાહની નેઅમતોને જમી, મસ્જિદે નૂરાનીની અઝીમુશ્શાન ઈમારતની નૂરાનીયતને જોઇ, દેવડી મુબારક પર દોઆતે

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**કોઈ શખ્સ સાથે દોસ્તી કે દુશ્મની, અલ્લાહતઆલાની ખુશી કે નાખુશી વાસ્તે હોવી જોઈએ.**

## -::: સૂરતુલ ફાતેહાના ફાયદા :::- કિસ્ત-૨

➢ સૂરતુલ ફાતેહામાં અલ-હમ્દો બાદ **"લિલ્લાહ"** નો લફઝ છે, જેમાં ત્રણ હુરૂફ (અક્ષરો) છે. તો આ હુરૂફને "અલ-હમ્દો" સાથે મિલાવવામાં આવે તો કુલ ૮ હુરૂફ થાય છે. લેહાઝા "અલ-હમ્દો લિલ્લાહ" ના પઢનાર વાસ્તે અલ્લાહતઆલા જન્નતના ૮ દરવાઝા ખોલી આપશે.

➢ તે બાદ **"રબ્બિલ આલમીન"** ના ૧૦ હુરૂફ થાય છે, તો "અલ-હમ્દો લિલ્લાહ" ના ૮ હુરૂફને ૧૦ સાથે મિલાવીએ તો કુલ ૧૮ હુરૂફ થાય છે. "અલ-હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન" ની આયતને પઢનાર શખ્સ વાસ્તે અલ્લાહતઆલા ૧૮ હઝાર આલમનો સવાબ ઈનાયત કરશે.

➢ તે બાદ **"અર-રહમાન"** નો લફઝ છે જેમાં ૬ હુરૂફ છે. ઉપરની આયતના ૧૮ હુરૂફને "અર-રહમાન" ના હુરૂફ સાથે મિલાવવાથી કુલ ૨૪ હુરૂફ થાય છે. અલ્લાહતઆલાએ એક દિન અને એક રાતમાં કુલ ૨૪ કલાક મુકેલા છે. બંદાથી આ ૨૪ કલાકમાં યાઅની રાત અને દિનમાં જે નાના-નાના ગુનાહો કે ખતાઓ થઈ હોય તેને અલ્લાહતઆલા આ ૨૪ હુરૂફની બરકતથી બખ્શી દેશે.

➢ તે બાદ **"અર-રહીમ"** નો લફઝ છે જેમાં પણ ૬ હુરૂફ છે. આ હુરૂફને ઉપરના ૨૪ સાથે શામિલ કરી દેવામાં આવે તો કુલ ૩૦ હુરૂફ થાય છે. અલ્લાહતઆલાએ સિરાતે મુસ્તકીમ, જન્નતની રાહે નજાતનો ફાસલો યાઅની લંબાઈ ૩૦ હઝાર વરસની કીધેલી છે. તો "અલ-હમ્દો.........રહીમ" તકના કુરઆની કલામ કોઈ પઢશે તો એ સિરાતે મુસ્તકીમ પરથી વીજલીના ચમકારાની મુજબ આસાનીથી ગુઝરી જાશે. એને જહન્નમમાં પડી જાવાનો કોઈ ખૌફ-ખતરો નહી રહે.

➢ આ ૩૦ હુરૂફ બાદ, **"માલિકે યૌમિદ્દીન"** ની આયત આવે છે. અલ્લાહતઆલાની હમ્દો સના બાદ, તેના નામો લીધા બાદ, હમેં પઢીએ છીએ કે, અલ્લાહના હાથમાં યૌમે કયામતની મિલ્કીયત છે, તે આ દિનનો કુલ મુખ્તાર છે. આ આયતમાં ૧૨ હુરૂફ છે અને તેના સાથે ઉપરના ૩૦ હુરૂફ મિલાવીએ તો કુલ ૪૨ હુરૂફ થાય છે. અલ્લાહતઆલાએ એક સાલમાં ૧૨ મહીના મુકેલા છે, લેહાઝા આ મહીનાઓ દરમિયાન બંદાથી જે ગુનાહો સરઝદ થાય તેને આ આયતની બરકતથી અલ્લાહ બખ્શી દેશે. ★

---

*(પેજ નં. ૫ નું બાકી)*　***અખ્બારે તૈયેબીયાહ.....***

કિરામના ઈલ્મી ખઝાના પર નઝર કરી, દાઅવતના કિતાબોના બયાનો અને લખાણની ગુફતગૂ સાંભલી, આપ મૌલાના ગુરફા-કમ્રામાં કુરઆની આયતો અને હદીસે શરીફ પઢી, અપની બોહરા બોલચાલ અને અદબને નઝદીકીથી મહેસૂસ કરી, તે સાહબે પોતાની ઝબાનથી આ મુજબ અલ્ફાઝ અદા કીધા કે, "અય હાતિમ ઝકીયુદ્દીન, હું તો આપના દરમિયાન એક શાગિર્દ છું. આપ જેવા આલિમે અહલે બૈત (અ.સ.) ને નઝદીક હું તો એક ઝર્રો પણ નથી. પંજતને પાક આલે મોહંમદ (અ.સ.) ના દીન અને ઈલ્મ વાસ્તે આપ જે તૌર પર ખિદમત બજાઓ છો તેની મિસાલ ઘણી જ આઅલા છે. મુર્દા દિલોને આ ઈલ્મથી ઝિંદા કરવાનું આપ જે કામ કરો છો તે એક સાચા અને પરહૈઝગાર આલિમની નિશાની છે. આપની કૌમ ઘણી જ ખુશકિસ્મત છે કે, તેમને આપ જેવા રાહનુમા અલ્લાહતઆલાએ બખ્શેલા છે. ઝરૂર, **આપ એક મિસ્બાહનું કામ કરો છે કે, જેના નૂરથી ગુમ્રાહીના અંધારા દૂર થાય છે.**"

અલ્લાહતઆલાના ફઝલો કરમથી, દોઆતે હક્ક જે ઈલ્મી ફૈઝ જારી કરી ગયા છે તેની બરકત અપની તૈયેબી દેવડી મુબારક પર એવી તો છે કે, મોટા-મોટા આલિમો અને રીસર્ચ સ્કોલરોના સર ખમ થઈ જાય છે. દોઆતે હક્કના સાયા અને વસીલાથી અલ્લાહતઆલાએ હમને ઈલ્મી દૌલતથી નવાઝેલા છે જેના નઝદીક દુનિયાના ખઝાના કે દૌલતના ભંડારોની કોઈ કદરો કીમત નથી. હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ફરમાવે છે કે, "સાચું ઈલ્મ તમારા ઈમાનને ઝિંદા કરશે અને ખોટું ઈલ્મ તમારા શયતાનને ઝિંદા કરશે." ★

**તે શખ્સ ઘણો નસીબદાર છે કે, જે વક્ત તેના પાસે દૌલત આવે છે તો તેને પોતાની નથી સમઝતો.**

## –::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::–
## મૌ.સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨

**✳ આપ કઇ તરહ ઇસ્લામથી મુશર્રફ થયા :**

દાઅવતે હાદીયાહના અખ્બારના કિતાબોમાં બયાન છે કે, એક વક્ત મૌ.સલમાનના વાલિદ બૂઝખશાન પોતાના કોઇ મકાનના તાઅમીરી કામમાં મશ્ગૂલ હતા તો પોતાના દિકરા સલમાનને કહ્યું કે, આજે મારાથી વાડીમાં જઇ શકાશે નહીં, તો તમેં વાડીમાં જાવ અને ત્યાં દરખ્તો-ફસલનું ઝરૂરી કામકાજ પૂરૂં કરી બરાબર નિગરાની રાખીને ફૌરન પાછા ઘરે આવી જાજો. મૌ.સલમાન વાલિદનું ફરમાન ઉચકી તરત જ વાડી તરફ જાવા રવાના થયા. રસ્તામાં જાતા જાતા મૌ.સલમાનના કાન પર ઈસાઇઓના એક દેવલના નઝદીકથી તેઓનો ઈબાદત કરવાનો આવાઝ આવી રહ્યો હતો. મૌ.સલમાન તે લોગોની કૈફીયતે ઈબાદત જોવા, પોતાના ખુદાને પુકારવાનો તેઓનો તરીકો જોવા, તે દેવલમાં દાખિલ થયા. ત્યાં આપે જોયું કે, તમામ ઈસાઇઓ ખુદાની બંદગી અદા કરી રહ્યા છે. **તેઓની ઇબાદત કરવાનો તૌર તરીકો અને ત્યાંના પાદરીઓની નૈક શીખામણ આપને પસંદ આવી.** દીને મસીહ અને મઝહબે ઈસાઈ પોતાના મજૂસી મઝહબ કરતા આપને બહેતર માઅલૂમ પડો.

આપે તે દેવલના પાદરીને સવાલ કીધો કે, તમારા મઝહબનૂં ખાસ મકામ કઇ જગા પર છે ? પાદરી કહેવા લાગો કે, અય ભલા ભાઈ ! હમારા ઈસાઈ મઝહબનું ખાસ મકામ અને ઉંચું મરકઝ શામ છે. તે બાદ મૌ.સલમાન વાડીનું કામકાજ અંજામ આપી પોતાના ઘર તરફ વલી ગયા. ઘર પર અવવામાં ઘણી જ તાખીર થઈ ચુકી હતી અને આપના વાલિદ ઘરમાં આપના આવવાનો ઈન્તેઝાર કરી રહ્યા હતા. વાલિદે સવાલ કીધો કે, અય માઝેબા (મૌ.સલમાનનું અસલ નામ), મેં તમને વાડીનું કામકાજ કરી ફૌરન પાછા આવવાની તાકીદ કીધેલી હતી, તો તમેં હમણા રાત તક ક્યાં રોકાયા હતા ? આપે આપના વાલિદને ઉપર મઝકૂર હકીકતથી આગાહ કીધા અને વધારામાં કહ્યું કે, **અય મારા બાવાજી, મને તો ઇસાઇ લોગોનું દીન અપના દીન કરતા બહેતર લાગે છે.** મૌ.સલમાનની આ વાત સાંભલી બુઝખશાન ઘણા જ ખફા થયા અને એટલી હદ તક નારાઝ થયા કે આપના પગોમાં બેડીઓ પહેરાવીને આપને કૈદમાં નાંખી દીધા.

આપે જેમ તેમ કરીને કૈદખાના માંથી કોઇ ભરોસાવાલા શખ્સ સાથે તે દેવલના પાદરીને પૈગામ મોકલો કે, હું તમારો ઈસાઈ મઝહબ ઈખ્તિયાર કરી ચુકો છું. જો કોઈ કાફલો શામ તરફ જાવાનો હોય તો મને ફૌરન ખબર કરવામાં આવે. ઈત્તેફાકથી થોડા જ વક્તમાં એક કાફલો મુલ્કે શામની તરફ રવાના થઈ રહ્યો હતો. તે પાદરીએ આપને ખબર પહોંચાડી અને પોતાના વાલિદના કૈદખાનામાંથી રિહાઈ થાય **તે વાસ્તે આપે દરબારે ખુદાવંદીમાં દોઆ કીધી.** આપની દોઆની તે તાસીર થઈ કે, ખુદાતઆલાએ આપને યારી દીધી અને પગોની બેડીઓ ખુદ-બ-ખુદ ખુલી ગઈ. આપ રાતો રાત આપનું વતન છોડીને શામ તરફ કાફલા સાથે રવાના થઈ ગયા. શામમાં આપ ઈસાઈઓના મોટા પાદરી સાથે મિલા, જેએ તમામ હકીકત જાણી અને આપને પોતાના પાસે રહેવાની ઈજાઝત આપી. ★

---

*(પેજ નં. ૩ નું બાકી)* ***ઈમાનના ગુલિસ્તાનમાંથી.....***

દિલની હાઝિરી રાખો જેને ખુશૂઅ-ખુઝૂઅ કહે છે, તાકત તો રાખતા હોય પણ સાથે સબર કરવાની આદત રાખો. હરામથી દૂર રહીને હલાલથી ફાયદો લો. આલ-ઔલાદમાં લાદીનીયત ન આવે તેના ખાતિર બૈરા-બચ્ચાંની બહેતર તરીકાથી તરબીયત કરો. ખુદાની નેઅમતોનો શુક્ર કરો અને ઔલિયાઉલ્લાહની ઝિકિર કરો. રાતે સુવો તો ખુદાની બીકની પિછોડી તમારા બદન પર હોય અને ફજેરે ઉઠો તો ખુદાની રહેમત-તલબીની ખુશી હોય. ★

---

નોંધ :- જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઇટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**તબીઅત નાદુરુસ્ત હોય તો કોઈ નવું કામ ન કરવું જોઈએ.**

## -::: ૧૨ સુન્નતો :::- માઁ-બાવાજી સાથે નૈક સુલૂક - કિસ્ત : ૬

ઉમર બિન આસ નો દિકરો અબ્દુલ્લાહ નાફેલત અને તતવ્વાઅના રોઝા ઘણા રાખતો હતો અને રાતોમાં ઉઠીને નાફેલતની નમાઝો પઢતો હતો. આ બાબત સર એના બાપ ઉમરે એને ઘણી વક્ત ટોકો, મના કીધો છતા એં એના બાપનું કહ્યું માનું નહીં. થોડા વક્ત પછી ઉમરે નબી સાહબ (સ.અ.વ.વ.) ની મુલાકાત કીધી અને ફરિયાદ કરતા કહ્યું કે, સાહેબ, મારો એકનો એક દિકરો છે અને એ જવાન છે. **આ મારા દિકરાથી મને ઘણી ઉમ્મીદો છે** અને જો હમણાથી આ મુજબના રોઝા રાખશે અને રાતોના ઉજાગરા કરશે તો મારી ઉમ્મીદ મેં હાસિલ નહી કરી શકું.

નબી સાહબે ઉમરના દિકરા અબ્દુલ્લાહને બોલાવીને નસીહત કીધી કે, તું તારા બાવાજીની તાઅત કર, એનું કહ્યું માન અને એની ખુશીમાં જ બહેતરી સમઝ. તે પછી જે વક્ત મૌલાના અલી (અ.સ.) ના વક્તમાં સિફ્ફીનની લડાઇ થઇ તો અબ્દુલ્લાહ પોતાના બાવા ઉમર બિન આસને સાથે મૌલા અલીના ખિલાફ મૈદાને જંગમાં આવો હતો. તેથી મૌલાના હુસૈન (અ.સ.) એનાથી સખ્ત નારાઝ રહેતા હતા અને એના તરફ નઝર પણ કરતા ન હતા.

એક વક્ત અબ્દુલ્લાહે ઈમામ આલી મકામની હઝરતમાં પૈશ થાવાની હિમ્મત જુટાવી અને આપનો એના તરફ આ તરહના સુલૂક બાબત સવાલ પૂછો. આપે એને ઉપર મઝકૂર સિફ્ફીનના વાકેઆની યાદ અપાવી. જેના જવાબમાં અબ્દુલ્લાહે અરઝ કીધી કે, મેં યકીનન આપના બાવાજી ખિલાફ કોઇ તીર કે ભાલો કે તલવાર તો શું પણ પત્થર પણ કોઇને મારો નથી. મેં ફક્ત મારા બાપ સાથે મૈદાનમાં હતો અને તેનો સબબ એમ હતો કે, આપના નાનાજી સાહબ નબીયુલ્લાહે **મને મારા બાપની તાઅત કરવાનું ફરમાવું હતું.** લેહાઝા મારા બાપની ખુશી વાસ્તે હું મૈદાને જંગમાં આવો હતો.

ઈમામ આલી મકામે ફરમાવું કે, અલ્લાહની અને હમારી ખુશી તમામ કરતા ઉંચી છે. અલ્લાહની ખુશી મારા બાવાજી અલીયુલ મુરતઝા (અ.સ.) સાથે હતી જે હક્ક પર હતા. અય અબ્દુલ્લાહ, તારો તારા બાપ સાથે હસબ-નસબનો જિસ્માની રિશ્તો છે પણ હમારા સાથે તારા અમલ અને ઈમાન જોડાયેલું છે. તું મને બતાવ કે, હમારી શફાઅત હાસિલ કરવા તુંને તારા ઈમાનો અમલ કામ લાગશે કે તારા બાપનો રિશ્તો ! અય અબ્દુલ્લાહ, યાદ રાખ કે, **શરીઅતને ખિલાફ ન હોઇ એવા કોઇ ખૈર કામમાં જ વાલેદૈનની તાઅત કરવી વાજિબ છે.** જે કામ અલ્લાહ અને એના રસૂલના ફરમાનથી ખિલાફ હોય તેમાં કોઇની પણ તાબેદારી કરવી જાઇઝ નથી.

વાલેદૈનને જે ચીઝથી ફાયદો પહોંચે અને અલ્લાહતઆલાના ફરમાનથી તે ચીઝ ખિલાફ ન હોય તેવા તમામ કામોમાં વાલેદૈનની તાબેદારી કરવી તે તેઓના એહસાનનો શુક્ર અદા કરવા બરાબર છે. નબી સાહબે ફરમાવું છે કે, યૌમે કયામત અલ્લાહ પોતાના બંદાને કહેશે કે, અય બંદા ! મેં તુંને નેઅમત આપી તે વાસ્તે તેં મારો શુક્ર અદા કીધો નહીં. બંદો અરઝ કરશે કે, અય મારા રબ ! હું તો હર વક્ત તારો શુક્ર કરતો હતો. અલ્લાહ ફરમાવશે કે, હરગિઝ નહીં, જે વાલેદૈનના હાથ ઉપર મેં તને નેઅમત પહોંચાડી તેમનો તેં શુક્ર અદા કીધો નથી, તેથી મારો શુક્ર અદા કીધેલો કહેવાય નહીં. લેહાઝા અલ્લાહતઆલાએ અપને જે માઁ-બાવાજીથી પૈદા કીધા અને તેઓએ અપના ઉપર ઉલ્ફતો શફકત રાખીને અપની ઘણી મહેનતથી પરવરિશ કીધી તેમના સાથે ભલાઇ કરી શુક્ર અદા કરવાથી જ અલ્લાહનો શુક્ર અદા કીધેલો ગિનાશે.

અલ્લાહતઆલાએ પોતાની દાઅવત હર ઝમાનામાં એક એવા દાઇને સોંપેલી છે કે, જે મુમિનની રૂહાની તરક્કી કરે છે. દાઇ ભલે ગમે તે શિકલમાં હોય, એમનું કામ જ એ છે કે મુમેનીનની તરબીયત અને તરક્કી ઈમાન પર થાય, લેહાઝા હમેં હમારા દાઇને રૂહાની વાલેદૈન કહીએ છીએ. દુનિયાના તમામ જિસ્માની રિશ્તા આ રૂહાની રિશ્તા સામે કોઇ માઅના રાખતા નથી. વાલેદૈન કાફિર હોય કે મુનાફિક હોય અને પોતાની ઔલાદને અલ્લાહના દાઇથી દૂર કરતા હોય તો તે ઔલાદને વાલેદૈનને ખિલાફ થઇને પોતાની અક્લથી, સમઝથી, સંજીદગીથી ખુદના ઈમાનને બચાવવું જોઈએ. **અલ્લાહ અને એના દાઇને આપેલા મીસાકની બુનિયાદ જ એ છે કે, સહેલાઇમાં આ સખતાઇમાં કોઇ પણ હાલમાં દાઇની તાબેદારીથી મૂંહ ફિરાવવું જોઇએ નહીં.** ભલેને જિસ્માની વાલેદૈન આનાથી ખુશ હોય યા નાખુશ હોય. આ તમામ બયાનીનો ઈશારો કુરઆને કરીમમાં આયતુલ ઈતાઅતમાં છે કે, જેમાં અમરના સાહબ-દાઇની તાબેદારી મુમેનીન પર ફરઝ કરવામાં આવી છે. ★

**શરમ અને યકીન એક સાથે હોય છે. જો આમાંથી એક ન રહે તો બીજું ખુદ-બ-ખુદ મિટી જાય છે.**

## -::: તારીખે તૈયેબીના સફહાતમાંથી :::-
## અલ-મલિક અલ-મુકર્રમ સૈયેદેના અહમદ અસ-સુલૈહી (રિ.અ.)
## અને
## અસ-સૈયેદાહ હુર્રતુલ મલેકાહ અરવા બિન્તે અહમદ (રિ.અ.)

સૈ. અહમદ પોતાના માઁ સાહેબા અસ્મા અને બાવાજી સાહેબ દાઇ અલી અસ-સુલૈહીના ફઝલો શરફના ધણી હતા. જે વક્ત આપ હિ.સ. ૪૨૯ માં પૈદા થયા તે વક્તથી સુલૈહી ખાનદાનમાં સઆદતો અને બરકતો વધતી જ રહી. આપના બાવાજીએ આપની તાઅલીમો તરબીયતનો ઉમદામાં ઉમદા ઈન્તેઝામ કરેલો હતો. દીની તાઅલીમમાં આપે શાનદાર કામિયાબી હાસિલ કીધી, તો સિયાસત અને જંગના ફનમાં આપ એકકા બની ગયા. આપની ફસાહત અને બલાગત ભરેલી તકરીરોનો એવો અસર હતો કે, જ્યાં આપ બોલવાનું શુરૂ કરે કે સામેઈન આપના કલામમાં ડૂબી જાય. જેનો નતીજો એ થાય કે, **સુસ્ત ચુસ્ત થઇ જાય અને બુઝદિલ શેરદિલ બની જાય.**

આપના કાકાજી અહમદ બિન મોહંમદ બિન કાસિમ અસ-સુલૈહી હતા, જેમના એક દુખ્તરે નૈક અખ્તર "અરવા" હતા જેની વિલાદત હિ.સ. ૪૪૦ માં થઇ હતી. માઁ સાહેબાએ મૌ. અરવા અને સૈ. અસ-સુલ્તાન અલ-ખત્તાબ બિન હસન અલ-હમ્દાનીને સાથે દૂધ પાયું હતું. લેહાઝા સૈ. અલ-ખત્તાબ અને મૌ. અરવા બેવે દૂધના ભાઈ-બહેન હતા. બંનેની પરવરિશ એકસાથે થઇ, તાઅલીમો તરબીયત નાનપણમાં એક જ ઉસ્તાદ પાસે થઇ હતી. બાલિગ થયા ત્યાં તક તો બેવે દાઅવતના ઊલૂમમાં બલંદી પર પહોંચી ગયા. મૌ. અરવાનો મિસાક આપના કાકાજી દાઇ અલી અસ-સુલૈહીએ લીધો અને કાકીજીએ ઘરકામમાં નાનામાં નાની લાઝિમ ચીઝનું ઈલ્મ આપું.

અખ્બારમાં છે કે, મૌ. અરવામાં બૈરો ઝાતની જેટલી સિફત અને ખૂબીઓની ગિન્તી કરવામાં આવે છે તે તમામ ખૂબીઓનું મિલન થયેલું હતું. આપનો ચહેરો પૂનમના ચાઁદ જેવો ચમકતો હતો. આપ ખૂબસૂરતીના પૈકર હતા. આપના આવાઝમાં કુદરતી કશિશ અને બલંદી હતી. આપના ખત અને અંદાઝે બયાન દિલકશ હતા. આપની ચાલઢાલ રાનીઓને શરમાવનારી હતી. અરબી ઝબાનની સેંકડો બૈત આપને ઝબાની હતી. આપ, ફાતેમી તારીખ, ફિકેહ અને ફલસફાની એક બોલતી કિતાબ હતા. સખાવત અને સિયાસતમાં આપની મિસિલ કોઇ ન હતું. પરહેઝગારી અને પારસાઈમાં લાજવાબ હતા. હિ.સ. ૪૬૧ માં આપની શાદી દાઇ અહમદ અલ-મુકર્રમ સાથે થઇ તે વક્ત દાઇ અલી અસ-સુલૈહીએ આપને **"અલ-હુર્રતુલ મલેકાહ"** અને આપના શૌહર દાઇ અહમદને **"અલ-મલિકુલ મુકર્રમ"** નો ખિતાબ ઈનાયત કીધો.

દાઇ અલી અસ-સુલૈહીની શહાદત બાદ દાઇ અહમદે સન્આમાં સલ્તનતના તમામ ઊમૂરને સંભાલી લીધા, બાવાજીના કત્લનો કિસાસ લીધો અને દુશ્મનોના નાપાક ઈરાદાઓને પૂરી તાકત સાથે પસ્ત કરી દીધા. દાઇ અહમદ હર વક્ત મુમેનીનને હિદાયત દેતા કે, **"જેને ઇઝ્ઝત કરતાં પોતાની જાન પ્યારી હોય, દીન કરતાં દૌલત પ્યારી હોય તે મારો સાથ છોડી દે."** માઁ સાહેબા અસ્માના વફાત બાદ આપની તબીયત નાદુરૂસ્ત રહેવા લાગી જેના સબબ ઘરના બાતિની કામો અને સલ્તનતમાં ઝાહિરી ઊમૂરની ઝિમ્મેદારી મૌ.હુર્રતુલ મલેકાહના ખભા પર આવી ગઈ. આ અરસામાં સૈ. લમક બિન માલિક દાઅવતના દીની ઊમૂરની દેખરેખ રાખતા હતા અને આપના ફરઝંદે અરજુમંદ સૈ. યાહ્યા આપથી ઈલ્મ હાસિલ કરીને દાઅવતના બીજા હુદૂદને ફૈઝ બખશતા હતા. દાઅવતના દોઆત પોતાના ઈલ્મ અને હિકમતથી પોતપોતાના દાએરામાં લોગોને હિદાયત બરાબર દેતા હતા. જે કોઇ ગૈર પણ ખુશી-બ-ખુશી દાઅવતને કુબૂલ કરે, તેને અપનાવી લઈ દાઅવતના હરમમાં શામિલ કરતા હતા. આમ દાઈયુસ્સૈફ દાઇ અહમદ અલ-મુકર્રમ અને દાઈયુલ કલમ દાઇ લમક ફરમાને ઈમામી મુજબ પોતપોતાનું કામ અંજામ આપતા હતા. યહાં તક કે, દાઇ અહમદની તબીઅતની નાસાઝગીના સબબ સલ્તનત પર એક સરખી નઝર રાખવા અને દુશ્મનો પર કબ્ઝો રાખવા મૌ.હુર્રતુલ મલેકાહએ સન્આથી રાજધાની બદલીને ઝી જબલા નકલ કરી દીધી.

*(બકીયાહ પેજ નં. ૧૧ પર)*

**મુમિન તે છે કે, બીજાના માંગવા પર પોતે ખુશીથી આપી દે અને પોતાના માંગવા પર જો બીજો ન આપે તો ગમગીન ન થાય.**

*(પેજ નં. ૯ નું બાકી)*

## *તારીખે તૈયેબીના સફહાતમાંથી.....*

મૌલાતોના હુર્રતુલ મલેકાહએ ઝીજબલામાં જૂના રાજમહેલને જામેઅ મસ્જિદમાં તબ્દીલ કરાવી દીધો અને તેના જ એક ખૂણામાં પોતાની આખરી આરામગાહની જગા મુકર્રર કીધી. મસ્જિદ સાથે મદ્રસો કાઈમ કીધો અને તેમાં એક ખાસ પડદાપોશ કમરામાં આપ આપના દૂધ ભાઈ સૈ. અલ  ખત્તાબ સાથે બેસીને બહારના કમરામાં બેસેલા હુદૂદને આઅ્લા દીની તાઅલીમના સબક આપતા હતા. એક અલગકમરામાં આપે ઈબાદત કરવાનો ઈન્તેઝામ રાખો હતો અને **ત્યાં આપની એક ખાસ તસ્બીહ સાથે આજે પણ તે જગા કાઇમ છે.** આપને મોહંમદ અને અલી નામના બે શાહઝાદાઓ હતા જે આપની હયાતીમાં જ ઈન્તેકાલ કરી ગયા હતા. પોતાના સરતાજ દાઈ અહમદની હાઝરીમાં આપે અજબ શાનથી દીન અને દુન્યાવી બાબતોને સંભાલી, દોઆત અને હુદૂદને તાઅલીમ આપી, મુમેનીનની તરબીયત કીધી, યહાઁ તક કે ૪૭૭ હિ. માં દાઈ અહમદ વફાત થઈ ગયા.

યમનમાં દાઈ અહમદ અલ-મુકર્રમના વફાત પછીના દસમાં વરસે યાઅ્ની ૪૮૭ હિ. માં, ૧૮ ઝિલહજ્જના દિન કાહેરા શહેરમાં મિસિરમાં મૌ. ઈમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.સ.) નો ઈન્તેકાલ થયો અને તખ્તે ઈમામત પર આપના શાહઝાદા મૌલાના ઈમામ અહમદ અલ-મુસ્તાઅલી (અ.સ.) જલ્વાનુમા થયા. મૌ. ઈમામ મુસ્તાઅલી (અ.સ.) ની ઈમામત ૮ વરસ રહી, જેને દાઅવતુલ હકકના ફરઝંદો પોતાના ૧૯ માં ઈમામે હકક માને છે. **આપ જ એ ઇમામ છે જેની વિલાદત બા-સઆદતની ખુશખબરીનો કાગઝ આપના બાવાજી સાહબે દાઇ અલી અસ-સુલૈહીને લખો હતો.** દાઈ અસ-સુલૈહીએ આ કાગઝને ગામેગામ મુમેનીનની જમાઅતોમાં વંચાવો હતો, જેના સબબ મુમેનીનના ઈમાનમાં વધારો થયો હતો અને દુશ્મનોના તમામ મકરો ફરૈબ નાકામ થઈ ગયા હતા. આવા જ હકકના અકીદા પર યમનના મુમેનીન મુખ્લેસીન હતા. મૌ. ઈમામ મુસ્તાઅલી (અ.સ.) ના બાદ મૌ. ઈમામ આમિર (અ.સ.) ૨૦ માં ફાતેમી ઈમામ ૪૯૫ હિ. માં કાઈમ થયા. ૩૧ સાલ તક આપની મુદ્દતે ઈમામત રહી હતી. તે વકત યમનમાં મૌ. હુર્રતુલ મલેકાહ ઈમામે હકકના હુજ્જતના આલી રૂત્બા પર પહોંચી ચૂકા હતા.

મૌ. ઈમામ આમિર (અ.સ.) ના વકતમાં ૫૧૦ હિ. માં દાઈયુલ બલાગ સૈ. લમક બિન માલિક હમ્દાન ઈલાકાના લિહાબમાં વફાત થઈ ગયા. આપના બાદ આપના ફરઝંદ સૈ. યાહ્યા આપની જગા પર કાઈમ થયા. મગર ૧૦ સાલની ટૂંકી મુદ્દતમાં જ ૫૨૦ હિ. , ૨૮ જુમાદિલ ઉખ્રાના દિન  સૈ. યાહ્યા ઈન્તેકાલ કરી ગયા. આપને આપના બાવાજી સાહબના નઝદીક દફનાવવામાં આવા છે. આ બેવે દાઈયુલ બલાગના ઈલ્મના વારિસ સૈ. ઝોએબ બિન  મૂસાને આવી રહેલા સતરના વકત વાસ્તે તૈયાર કરવામાં આવી રહ્યા હતા. યહાઁ ઝી જબલામાં મૌ. હુર્રતુલ મલેકાહના દૂધ ભાઈ સૈ. અલ-ખત્તાબ દાઅવતની યારી વાસ્તે તૈયાર થઈ ગયા હતા. સૈ. યાહ્યાના વફાત બાદ મૌ. હુર્રતુલ મલેકાહએ સૈ. ઝોએબને પોતાની હઝરતમાં બોલાવી લીધા. **દાઇ અલ-ખત્તાબ અને દાઇ ઝોએબ, આ બેવે સાહબો મૌલાતોનાની આંખની બે કીકી જેવા હતા, જમણા અને ડાબા બાઝૂ મુજબ હતા.**

મૌ. ઈમામ આમિર (અ.સ.) તરફથી મૌલાતોનાને જે વકત ૨૧ માં ઈમામ આલી મકામના વિલાદત-જન્મની વધામણી-બશારત મિલી, તે વકત આપની ખુશીનો કોઈ પાર ન રહ્યો. મૌલાતોનાએ પોતાની હયાતીમાં ત્રણ ફાતેમી ઈમામ મૌ. મુસ્તાઅલી, મૌ. આમિર અને મૌ. તૈયેબ (અ.સ.) ના વિલાદતની ખુશી મનાવી. મૌ. મુસ્તનસિર (અ.સ.) સાથે આપે ચાર ઈમામોની ખિદમત બજાવી. **એટલું જ નહીં પણ ૫૨૪ હિ., ૪ રબીઉલ આખરે ૨૧માં ઇમામની પૈદાઇશની ખુશીમાં હઝારો દીનારનો સદકો કીધો.** ૫૨૫ હિ. માં સન્આ શહેરની જામેઅ મસ્જિદના મશ્રિક-પૂર્વ હિસ્સાને મોટો કરીને દુરૂસ્ત કરાવો અને તેમાં આપે કૂફી ખતમાં પંજતને પાક તેમજ ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) થી ઈમામ તૈયેબ (અ.સ.) તક ઈમામોના મુબારક નામો લખાવા.


*(બકીય્યાહ આવતા શુમારામાં)*

**શરમ અને યકીન એક સાથે હોય છે. જો આમાંથી એક ન રહે તો બીજું ખુદ-બ-ખુદ મિટી જાય છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....





**ઊભી તરકીબ :**

(૧) જેમ રાતના અંધારામાં ---- ચમકે છે, તેમ દુનિયાની ગુમ્રાહીના અંધારામાં મુમિન ચમકે છે. (૨)
(૨) હુજ્જત, બુરહાન.(૩)
(૩) અલ્લાહતઆલાએ પોતાની પૂરી ---- ને ઈબાદત વાસ્તે બનાવેલી છે. (૩)
(૭) કુરઆને કરીમમાં તે કયા નબી છે કે, જેના નામ પાછ્લ એના માઁ સાહેબાનું નામ લેવાયેલું છે. (૨)

**આડી તરકીબ :**

(૨) ઉંમરના --- થાવાના સાથે સેહત અને શિફા હોવી ઝરૂરી છે. (૩)
(૪) તે સાહબ કે જેની શિકલના એક ફરિશ્તા આસમાન પર હતા. (૨)
(૫) મહેનત કરવી, ભલે તબીઅત વાસ્તે કડવી લાગશે, પણ તેનું ફલ ---- હશે. (૨)
(૬) મૌ.આદમ (અ.સ.) ના ઝમાનથી લઈ ને કયામત તક દાઅવતે હક્કનો દુશ્મન ---- હોય છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **ફખરૂદ્દીન હુસૈનઅલી ઝાંપાવાલા**
વફાતની તારીખ : ૧૨ રબી.આખર ૧૪૩૨ / ૧૭-૩-૨૦૧૧.
સરનામું : વાડી, રંગમહલ, વડોદરા.

---

નામ : **બુરહાનુદ્દીન બદરૂદ્દીન મોતીવાલા**
વફાતની તારીખ : ૫ રબી.આખર ૧૪૩૨ / ૧૦-૩-૨૦૧૧.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૯૯૨૫૪૩૫૫૨૨

---

નામ : **ખુરશીદબુ ગુલામહુસૈન હિટલર (ચશ્માવાલા)**
વફાતની તારીખ : ૧ રબી.આખર ૧૪૩૨ / ૬-૩-૨૦૧૧.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૯૩૨૭૭૧૦૦૯૯

---

નામ : **ખદીજાબુ અમીરૂદ્દીન ચટણીવાલા**
વફાતની તારીખ : ૨૯ રબી.અવ્વલ ૧૪૩૨ / ૪-૩-૨૦૧૧.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.

---

નામ : **અસ્માબુ હસનઅલી પેટીવાલા**
વફાતની તારીખ : ૨૭ રબી.અવ્વલ ૧૪૩૨ / ૨-૩-૨૦૧૧.
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૯૨૭૭૯૫૬૩૦૦

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.) ★

## -::: ખુસૂસી ટૂર :::-

### ઉમ્રો અને યમન

જમાઅતના તમામ મુમેનીનને ઈલ્મ થાય કે, આ સાલ શાઅબાન મહિનામાં ઈત્લાકની દાઅવતે હાદીયાહને ૯૦૦ સાલ પૂરા થાય છે. આ મુબારક, યાદગાર અને તારીખી મૌકા પર ઉમ્રો-યમન અને ફક્ત યમનની સફરના ઈન્તેઝામનો પ્રોગ્રામ આ મુજબ છે.

**સફરની અંદાઝન તારીખ :**
૧૧ જુમાદિલ ઉખરા ૧૪૩૨ (૧૪ મે ૨૦૧૧)
**ઉમ્રા અને યમનની સફરનો હદીયો :**
રૂા.૬૯,૦૦૦/- (૨૧ દિવસ)
**ફક્ત યમનની સફરનો હદીયો :**
રૂા. ૪૬,૦૦૦/- (૭ દિવસ)
**સફર વાસ્તેના નુમાઇંદા :**
હદસાહેબ કાસિમઅલી (૯૮૨૫૭૧૯૭૮૬)
હદસાહેબ કમ્બરઅલી (૯૮૭૯૦૮૬૮૯૨)
**નામ દરજ કરવાની આખિરી તારીખ :**
૧૦ જુમાદિલ ઊલા (૧૩ એપ્રિલ ૨૦૧૧)
**જમા કરાવવાની ઝરૂરી ચીઝો :**
પાસપોર્ટ (૬ મહીનાની વેલિડીટી),
રૂા.૫૦૦/- અને એક ફોટો. ★

**ઈમાનદારની ઝિંદગીના બે હિસ્સા છે, એક સબર કરવું અને બીજો શુક્ર કરવું.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✪ અલ્લાહતઆલા ફરમાવે છે કે, તમેં મારી બારગાહમાં દોઆ કરો. હું તેને કુબૂલ કરીશ, મુસ્તજાબ કરીશ. જે દોઆને અલ્લાહ મુસ્તજાબ ફરમાવે છે તે ચાર કિસ્મની છે : (૧) દોઆએ ઝાતી (૨) દોઆએ શખ્સી (૩) દોઆએ મકાની અને (૪) દોઆએ ઝમાની. દોઆએ ઝાતી તેને કહેવાય કે દોઆની મકબૂલીયતનો સબબ ખુદ તે દોઆની ઝાત હોય. દોઆએ શખ્સી તેને કહેવાય કે તેની ઈસ્તેજાબતનો સબબ જે શખ્સ દોઆ કરે તે હોય. દોઆએ મકાની તેને કહેવાય કે જેના કુબૂલ થાવાનો સબબ તે જગા હોય જ્યાં દોઆ કરવામાં આવી હોય. દોઆએ ઝમાની તેને કહેવાય કે અલ્લાહની બારગાહમાં તેના ચઢવાનો સબબ તે વક્ત યા ઝમાનો હોય જ્યારે તે દોઆ કરવામાં આવી હોય.

✪ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપના એક ખુત્બામાં ફરમાવું કે, જે શખ્સ કોઈ તંગદસ્ત, માલી હાલતથી પસ્ત ઈન્સાનને એનું કરઝ અદા કરવા વાસ્તે મોહલત આપશે તો તે શખ્સ કયામતના દિન અર્શના સાયામાં રહેશે કે, જે દિન અર્શના સાયા સિવાય બીજો કોઈ સાયો નહી હોય. તંગદસ્ત ઈન્સાન પાસે કરઝ અદા કરવાનું કોઈ સાધન યા ઝરીઓ ન હોય તે એને ઈમામે હક્ક બયતુલ માલમાંથી બંદોબસ્ત કરી આપે. **અલ્લાહતઆલાએ વ્યાજ (રિબા) ને હરામ કીધું છે જેથી લોગો કરઝના સવાબથી મહેરૂમ ન રહે.** વ્યાજખોર કોઈ વક્ત કોઈને કરઝે હસન નહીં આપે, કેમકે, એના ઉપર તો પૈસા પર પૈસા વધારવાનું પાગલપન સવાર થઈ ગયું હોય છે.

✪ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, સદકાનો સવાબ ૧૦ ઘણો છે, કરઝે હસનનો સવાબ ૧૮ ઘણો છે, સિલતુલ ઈખ્વાન-ભાઈઓની ખબરગીરી અને ખૈરખ્વાહી કરવાનો સવાબ ૨૦ ઘણો છે અને સિલતુર રહેમ-કરાબતદારો અને રિશ્તેદારોની ખબરગીરી રાખવાનો સવાબ ૨૪ ઘણો છે. સિલતુર રહેમની સુન્નતને અદા કરવી ઉંમરમાં વધારો કરે છે અને મોહતાજગી ને દૂર કરે છે. જે શખ્સ રિશ્તેદારો સાથે ઝઘડો કરશે અને એના રિશ્તેદાર હક્ક પર હશે તો એ શખ્સનું દિલ ઈમાન અને સુકૂનથી ખાલી રહેશે.

✪ કરઝે હસનનો સવાબ ૧૮ ઘણો છે અને તે કરઝની મુદ્દત પૂરી થાવા પછી કરઝદારને મોહલત આપવામાં આવે તો કરઝ આપનાર જેટલા દિન કરઝદારને મોહલત આપશે એટલો રોઝાના-હર રોઝનો એ મુજબ સવાબ વધતો જાશે. **ઉમ્દા અખ્લાક અને ઇન્સાનીયતની હમદર્દી ખાતિર સદકો, સિલત (તઅલ્લુક) અને કરઝમાં બેશુમાર અને બેહિસાબ સવાબ છે.** પણ તેના બરખિલાફ વ્યાજ લેવામાં બેહિસાબ અઝાબ છે. બીજાની મજબૂરીનો ફાયદો ઉઠાવીને, તેને પર જૌરો ઝુલ્મ કરીને વ્યાજ ખાવું તે હલાલની રોઝી રહેતી નથી અને બીજાની ઉમ્મીદનું ખૂન કરીને તે દૌલત બરકતવાલી રહેતી નથી પણ અઝાબવાલી બની જાય છે. ★

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ :** મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

## -::: ઝાહેર ખબર :::-

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

## રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭. ★**

---

## એ-વન જ્વેલરી એન્ડ કોસ્મેટીક્સ

**અમારે ત્યાં બગસરા અને ડાયમંડ જ્વેલરી તથા કોસ્મેટીક્સ અને Wiz® કંપનીના હેન્ડ વોશ, સોપ હોલસેલના ભાવે મળશે.**

અલ-ફતેહ કોમ્પ્લેક્ષ, બીજા માળે, વાડી, નવાપુરા, વચલા ફળીયા, સૈયદ ફોટો સ્ટુડીયોની ગલીમાં, વડોદરા.

**સકીનાબેન M.: 9974181403. ★**

---

## SAT KABIR MOTORS

- Service & all type of Repairs for all Car's
- CNG & LPG Govt. Approved Kit Fitting.
- Service with Quality, Confidence & Honesty.
- Sp. Offers :- 10% discount on Mechanical Labour Work.

Manager : **M. S. PAGHDIWALA** M.: 9824058318
Ph.(Office) : 2361318 / 9824032629

**Address : Opp. Phoenix Complex, Near Suraj Plaza Building, Sayajigunj, Vadodara - 390 005. ★**

## -::: ઝાહેર ખબર :::-

## IMAGE ACCOUNTANCY

Ibrahim H. Tinwala
M.: 9898442032

Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

## ZULFI TRAVELS

Zulfiqarali H. Tinwala
M.: 9974382384 (R) 2510639

Govt.Authorised IRCTC Railway Agent
Contact for all types of
Railway ticket booking, Air & Bus Booking.

**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara. ★**

---

## અપ્સરા રબર સ્ટેમ્પસ

**રબર સ્ટેમ્પ, કોમ્પ્યુટરાઇઝડ નાયલોન સ્ટેમ્પ, પ્રી-ઇંક સ્ટેમ્પ, બ્રાસ સ્ટેમ્પ, બ્રાસ સીલ, ઓફીસ સેટ, ડેટર, નંબરીંગ, સેલ્ફ ઇંક, સ્ટેશનરી અને દરેક જાતનું પ્રીન્ટીંગ અને ડીઝાઇનીંગ, ઝેરોક્ષ, કલર ઝેરોક્ષ, લેમીનેશન, ફેક્ષ, પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ નોટરી સાથે બનાવનાર. ★**

---

## અપ્સરા કલેક્શન

**સૌંદર્ય પ્રસાધનો, ઇમીટેશન જ્વેલરી, સ્ટોન જ્વેલરી, ઇલેક્ટ્રોનીક્સ ટોઇઝ, ગેમ્સ, વીડીયો ગેમ, કેમેરા રોલ, ગીફ્ટ આઇટમ, સેન્ટ, સ્પ્રે, પરફ્યુમ, બોડી સ્પ્રે, રૂમ સ્પ્રે, બેબી-સાયકલ, વોકર, થ્રી ઇન વન ઝુલા, કોસ્મેટીકસ, હોઝિયરી, કટલરી, સ્ટેશનરી, ઇલેક્ટ્રીકલ્સ, મોબાઇલ રીચાર્જ, મેમરીકાર્ડ, પેનડ્રાઇવ, સીમકાર્ડ, ડાઉનલોડ, વગેરે.**

જીએફ-૭, સાંઇ અર્પણ કોમ્પ્લેક્ષ, અલ્પના ટોકીઝની પાસે, પ્રતાપનગર, વડોદરા - ૦૪.

**હાજી નાદેઅલી લોખંડવાલા**
**M.: 9924003831 / 9328644280. ★**


**" લા ઈલાહા ઈલ્લલ્લાહ " નું પઢવું, જન્નતના રસ્તા પર લાગવું છે.**

## -::: ચોખ્ખાઈ :::-

ખુદાતઆલાએ ઈમાનને લોગો પર શિર્કની મેલાશ થી પાક થાવા ફરઝ કીધું છે. તેમ, નમાઝને તકબ્બુરી અને બડાશથી ચોખું કરવા, ઝકાતને રોઝીની કુશાદગીનો સબબ બનાવવા, રોઝાને મખ્લૂકના ઈખ્લાસની આઝમાઈશ વાસ્તે, હજ્જને દીનની મઝબૂતી વાસ્તે, જેહાદને ઈસ્લામની ઈઝઝત વાસ્તે, માઅરૂફના હુકમને આમ લોગોની મસલેહત અને ખૈર વાસ્તે, મુન્કરની રોકથામને બુરા લોગોને મીટાવવા વાસ્તે, રિશ્તેદારની મુલાકાતને ઝિંદગીને લંબી કરવા, કિસાસ-બદલો લેવાને ખૂંરૈઝીથી બચાવવા, શરીઅત મુજબ સઝા આપવાને હરામકારીની રોક વાસ્તે, શરાબ પીવાને હરામ કરવું અક્લ-સમઝની હિફાઝત વાસ્તે, ચોરીની રોક લગાવવાને પરહેઝગારીને વાજિબ કરવા વાસ્તે, ઝિનાને હરામ કરવું નસલ-નસબની પાકીઝગી બખશવા, લવાતતને રોકવું (મરદ-મરદ અને બૈરો-બૈરો સાથે બદકારી કરે) નસલને વધારવા, આપસમાં શહાદત આપવું એકબીજાના મુઆમેલાત અને વાતચીતમાં એતેમાદ વધારવા, જૂઠ ને મુકવું સચ્ચાઈને શરાફત આપવા, ઈસ્લામને અમાન બનાવું ખૌફને મીટાવવા, ઈમામતના દરજાને કાઈમ રાખવું ઉમ્મતમાં નિઝામ બરાબર કરવા અને સાહબે હક્કની તાઅતને ફરઝ કીધી ઈમામતની અઝમત બરકરાર રાખવા. ★

## -::: મજલિસ :::-

ઈલ્મની મજલિસમાં એક કલાક બેસવું તે એક સાલની ઈબાદતને બરાબર છે. સાથે બેસીને ઈલ્મી ગુફતગૂ કરવી તે ખુદાતઆલાની તસ્બીહ કરવા બરાબર છે. પાકો સાફ ઈલ્મને શીખી તેના મુજબ અમલે ખૈર કરવું તે રાહે ખુદામાં જેહાદ કરવા બરાબર છે. ઈલ્મને ન જાણનારને તાઅલીમ આપવી સદકો આપવાને બરાબર છે. ઈલ્મ એક એવી નેઅમત છે જે બેવતની-પરદેશમાં સાથી બનીને રહે છે, સુખ-દુઃખમાં હિદાયત દેનાર થાય છે, દુશ્મનો સામે હથિયારનું કામ કરે છે અને દોસ્તો નઝદીક ઝીનત-ખૂબસૂરતી બની જાય છે. ★


## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ, વડોદરા - ૩૯૦ ૦૧૭.*

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

---

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

---

### દેસી ટ્રીટ

**જમાઅતમાં પહેલી વાર.....**

**લાજવાબ છે સ્વાદ, ઝબાન રાખે યાદ**

**પૂરી સર્વીસ સાથે કોઇ પણ ખુશીના પ્રસંગે વાનગીઓ કે થાલના ઓર્ડર લેવાશે....**

જીએફ-૬, સાંઇ વિહાર એપાર્ટમેન્ટ, એમ્પરરની સામે, ફતેહગંજ, વડોદરા - ૦૨.

**મઝહર જે. શીરાવાલા**

**Ph.: 2780792, 9574957695.** ★

---

### સિક્રેટ કિચન કુકીંગ ક્લાસ

*(SECRET KITCHEN COOKING CLASS)*

**By- ઝૈનબ એ. કલીપવાલા**

**પંજાબી, ચાઇનીઝ, મિઠાઇ, સ્ટાર્ટર (નોનવેજ-વેજ), મદ્રાસી વાનગી, ચાઇનીઝ, મેક્સિકન, આઇસ્ક્રીમ, ઠંડાપીણા, એગ સ્પેશિયલ, મોગલાઇ, વગેરે.**

એડ્રેસ : ડી-૨૦૪, અંબર કોમ્પ્લેક્ષ, મહાવીર ચાર રસ્તા,આજવા રોડ, વડોદરા.

પરમેનન્ટ એડ્રેસ : બી-૧૩/૧૪, સરદાર સહકારી પ્લોટ, ઈન્દ્રપુરી સબ સ્ટેશનની પાછળ, બહાર સોસાયટી, આજવા રોડ, વડોદરા.

**ફોન : ૦૨૬૫-૬૫૮૪૪૮૦ મો.: ૯૨૭૭૫૦૫૭૭૫** ★


**હકીકતમાં જમન જમવું તેને કહેવાય જે શખ્સ અદબ સાથે જમન જમે.**